રાજ્ય સરકાર માન્ય એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે મેળવેલ તબીબી સારવાર પેટે થયેલ ખર્ચ મંજૂર કરવાની નાણાકીય સત્તાઓમાં સુધારો કરવા બાબત.

## ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક:HFWD/PM/e-file/7/2023/4575/A1

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.ઇ-સાઇન મુજબ

**વંચાણે લીધાઃ-**

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૪/૮/૨૦૧૫ના ઠરાવથી જાહેર કરેલ ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્ર.એમએજી/૧૦૨૦૧૫/૬૦૧/અ-૧.

**પ્રસ્તાવના :**

ગુજરાત રાજ્યનાં સરકારી કર્મચારીઓ, અધિકારીશ્રીઓ, પેન્શનરો અને તેમનાં કુટુંબીજનોને તબીબી સારવાર અર્થે થયેલ ખર્ચનું રીએમ્બર્સમેન્ટ મળી રહે તે માટે ઉપર વંચાણે લીધા ક્રમાંક- (૧) સામેના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૪/૦૮/૨૦૧૫ નાં ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ લાગુ કરેલ છે. સદર નિયમો અંતર્ગત વંચાણે લીધા ક્રમાંક- (૨) સામેના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૦૮/૦૩/૨૦૧૬ નાં ઠરાવનાં ફકરા (૩), (૪) અને (૫) થી સરકારી હોસ્પિટલ, સરકારી સમકક્ષ હોસ્પિટલ અને એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે મેળવેલ તબીબી સારવાર પેટે થયેલ ખર્ચ મંજૂર કરવાની નાણાકીય સત્તાઓ નિયત કરવામાં આવેલ છે. સદર નાણાકીય સત્તાઓમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાનાં અંતે તા.૦૮/૦૩/૨૦૧૬ નાં ઠરાવનાં ફકરા-(૪) નિયમ-૧૧.૧(બ.૧) માં એમ્પેનલ્ડ હોસ્પિટલ ખાતે મેળવેલ તબીબી સારવાર પેટે થયેલ ખર્ચના રીએમ્બર્સમેન્ટ માટેની નાણાકીય સત્તાઓમાં નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. રાજ્ય સરકાર દ્વારા માન્ય એમ્પેનલ્ડ હોસ્પિટલમાં નિયત કરવામાં આવેલ પેકેજ પૈકીની સરકારી કર્મચારીઓ અધિકારીઓ અને તેમનાં કુટુંબીજનોએ મેળવેલ તબીબી સારવારમાં થયેલ ખર્ચનાં રીએમ્બર્સમેન્ટ માટે નીચે જણાવ્યા મુજબ **નાણાકીય સત્તાઓ** રહેશે.

| ક્રમ | ખર્ચની રકમ | સત્તાધિકારીશ્રી |
|---|---|---|
| ૧ | રૂ.૨૫,૦૦૦/- સુધી | કચેરીનાં વડા |
| ૨ | રૂ.૧,૦૦,૦૦૦/- સુધી | ખાતાનાં વડા |
| ૩ | રૂ.૩,૦૦,૦૦૦/- સુધી | સબંધિત વહીવટી વિભાગનાં વડા |
| ૪ | રૂ.૩,૦૦,૦૦૦/- થી વધુ રૂ.૫,૦૦,૦૦૦/- સુધી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં વડા |

૨. રૂ.૫.૦૦ લાખથી વધુ રકમના તમામ કેસોમાં ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ ના નિયમ-૨૩ હેઠળ રચાયેલ સમિતિ મારફત માનનીય મંત્રીશ્રી (આરોગ્ય)ની તથા રૂ.૧૦.૦૦ લાખથી વધુના રકમના તમામ કેસોમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

૩. ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫, તા.૦૮/૦૩/૨૦૧૬ નાં ઠરાવની આ સિવાયની અન્ય જોગવાઇઓ તથા અન્ય આનુષાંગિક ઠરાવોની જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ ઠરાવનો અમલ પ્રસિધ્ધ થયા તારીખથી કરવાનો રહેશે. અગાઉ મંજૂર કરેલ સમાન પ્રકારનાં કેસો પુન:જીવિત કરવાના રહેશે નહી. આ ઠરાવ પ્રસિધ્ધ થયેથી વહીવટી પ્રક્રિયા હેઠળનાં જે કેસો સંબંધિત વહીવટી વિભાગ તથા આરોગ્ય વિભાગ કક્ષાએ પડતર હોય તેવા કેસોનો આ ઠરાવની જોગવાઇ મુજબ નિકાલ કરવાનો રહેશે.

૫. આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તથા સરકારશ્રીની તા.૨૭/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

(મનીષ મોદી)

**સરકારના અધિક સચિવ**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નાણાં સલાહકારશ્રી(આરોગ્ય) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી(ગ્રામ્ય), આરોગ્ય અને મિશન ડિરેક્ટરશ્રી, NHM, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- રેસીડેન્સ કમિશ્નરશ્રી, ગુજરાત ભવન,ન્યુ દિલ્હી.
- સર્વે કલેક્ટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે વિભાગીય નાયબ નિયામકશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ.
- સર્વે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી-સહ-સિવિલ સર્જનશ્રીઓ જનરલ હોસ્પિટલ.
- સર્વે અધિક્ષકશ્રીઓ સરકારી હોસ્પિટલ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા માટે
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ

- સિલેક્ટ ફાઇલ.

*Signature Not Verified*

*Signed by:Manish Modi*
*Additional Secretary*
*Date:2026.08.04*
*15:30:05 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*